## જન્મદિને વધામણી



પ્રેક્ષા એન. પટેલ



પૂર્વી એન. પટેલ



દક્ષાબેન વાઘેલા
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



હેતલ એમ ચૌહાણ
માતૃભૂમિ યુવા શક્તિ કેન્દ્ર
મો. ૯૭૨૪૧ ૨૫૯૯૦

### જિલ્લાનાં સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદિક

# દવાખાનાઓમાં શુક્રવારે વિના મૂલ્યે સુવર્ણપ્રાશન

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લાનાં સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓમાં આગામી તા. ૧૮ માર્ચ ને શુક્રવારના રોજ પાંચ વર્ષથી ઓછી વય ધરાવતાં બાળકો માટે નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે બાળક હંમેશ માટે નિરોગી રહે તે માટેનું વર્ણન આયુર્વેદમાં છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવાં દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે, જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાનાં હોય છે. આ નક્ષત્રમાં કરેલ કોઈપણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણ પ્રાશન પુષ્યનક્ષત્રમાં કરવામાં આવે છે ને તેથી જ તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.



સામાન્ય રીતે બાળકના શરીરમાં જ્યાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં સુધી તેને વધારે પોષણની જરૂર પડે છે. આ ગાળો એ સમગ્ર જીવનના પાયા સમાન છે. આથી જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્યનક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરાવવામાં આવે તો બાળકનાં બળ, બુધ્ધિ અને મેઘામાં વધારો તાય છે તથા શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે, બાળકની રોગ પ્રતિકારક શક્તિ પણ વધે છે.

આ માટે ફૂડ ઍન્ડ ડ્રગ કંટ્રોલ ઍડમિનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતાપ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુંબકમ્ સંસ્થાએ 'ડૉ. દવે સુવર્ણામૃત સીરપ' નામથી પૂરું પાડ્યું છે. આ ઔષધનો જથ્થો સરકારી આયુર્વેદ દવાખાનું, પોર, જમીયતપુરા, સૅક્ટર-૭, અમીયાપુર , રિદ્રોલ, પરબતપુરા, કલોલ, પીંપળજ, સૅક્ટર-૨૯, ટીંટોડા, ખાનપુર, જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનું, સરઢવ, કુડાસણ, ઈસંડ, મગોડી, દોલારાણાવાસણા તથા સિવિલ હૉસ્પિટલ આયુર્વેદ ઓપીડી ખાતે પહોંચાડવામાં આવ્યો છે, જ્યાંથી તે બાળકોને નિઃશુલ્કપણે પીવડાવવામાં આવશે.

તા. ૧૮ માર્ચના રોજ સવારે ૮.૩૦થી ૧૨.૩૦ અને સાંજે ૪થી ૬ કલાક દરમ્યાન આ માટે વાલીઓએ પોતાનાં બાળકોને લઈ જવાં એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..

**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦

## બ્રહ્માકુમારી દ્વારા ૮૦મી શિવ જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૫

સર્વધર્મ અને સર્વ આત્માઓના નિરાકાર પરમપિતા શિવ પરમાત્માએ ૧૯૩૬-૩૭માં ભારતની પાવનતમ ભૂમિ પર પુનઃ સ્વર્ગની સ્થાપના કરવાના પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય મારફત શરૂ કરેલ ભગીરથ કાર્યને ૮૦ વર્ષ પૂર્ણ થતાં વિશ્વના ૧૪૦ દેશોમાં સ્થિત ૮૫૦૦ સેવાકેન્દ્રો ખાતે શિવ જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી રહી છે.

સૅક્ટર-૨૮ ખાતે સ્થિત સ્થાનિક સેવા કેન્દ્ર ખાતે પણ આ ઉજવણી હાથ ધરવામાં આવી છે, જ્યાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદીના હસ્તે શિવબાબાનો ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સેવાકેન્દ્ર સંચાલિકા કૈલાશદીદી, જીઈબી, ગાંધીનગરના મુખ્ય ઈજનેર પી વી ભટ્ટ, અધિક મુખ્ય ઈજનેર એમ સી સોલંકી, નિવૃત્ત મુખ્ય ઈજનેર આઈ એમ પટેલ, નિવૃત્ત અધિક્ષક ઈજનેર એમ બી પટેલ, ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી કે તારાબેન અને ઊર્જાનગર સેવાકેન્દ્ર સંચાલિકા રંજનબેનની ઉપસ્થિતિમાં વિદ્યાલયના ૧૦૦ જેટલા બ્રહ્મકુમાર ભાઈ-બહેનોએ વ્યક્તિ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન માટે કટિબદ્ધતાની પ્રતિજ્ઞા લીધી હતી અને સમગ્ર વિશ્વમાં ભાઈચારા અને શાંતિની સ્થાપના માટે વિશેષ યોગાભ્યાસ પણ કર્યો હતો.

## પ્રેરણા વિદ્યાલય ખાતે ૧૨ વર્ષની વય સુધીનાં બાળકો માટે ૧૮મીએ નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૫

પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ એ ખાતે આગામી તા. ૧૮ માર્ચના રોજ પુષ્યનક્ષત્ર દિવસ નિમિત્તે સવારે ૯થી બપોરે ૧ વાગ્યા સુધી સુવર્ણપ્રાશન આયુર્વેદિક કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૨ વર્ષથી ઓછી આયુ ધરાવતાં બાળકોને સુવર્ણપ્રાશનનો લાભ આપવામાં આવશે. સૅક્ટર, શહેર તથા આસપાસનાં ગામોમાં રહેતાં બાળકો આ લાભ લઈ શકે તે માટે તેમના વાલીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કૅમ્પ માટે મૅડિકલ ઑફિસર ડૉ. રાકેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેશે અને દરેક બાળકને સુવર્ણપ્રાશનનો લાભ આપશે, એમ આ અંગેની એક અખબારી યાદીમાં વિદ્યાલયના પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ટોપ સ્કોરર વન્ડરબ્રેઈનની ગ્રાન્ડ ફિનાલે

# ૫૫,૦૦૦ સ્પર્ધકો રાજ્ય સ્તરની ક્વિઝમાં સામેલ થયા

### ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની કુલ ૫૪૬ સ્કૂલોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સ્તરની ટોપ સ્કોરર વન્ડરબ્રેઈન ક્વિઝ સ્પર્ધાની ગ્રાન્ડ ફિનાલે તા. ૧૨ અને ૧૩ માર્ચના રોજ આઈઆઈએમ અમદાવાદ ખાતે યોજાઈ હતી, જેમાં ગુજરાત અને મહારાષ્ટ્રની ૫૪૬ શાળાઓના ૫૫,૦૦૦ ઉત્સાહી વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. બે દિવસના આ ફિનાલેના પ્રથમ દિવસે ઈ-સેન્સ લર્નીંગ પ્રા. લિમિટેડના ડિરેક્ટર શ્રી રાજુ ગાલાએ ઉદઘાટન કર્યું હતું.




આ ફિનાલેમાં ૬૦૦થી વધુ લોકો હાજરી આપી હતી, જેમાં બે રાજયોમાંથી વિદ્યાર્થીઓ, વાલીઓ, અને આચાર્યોની હાજરીએ તાળીઓના ગડગડાટ સાથે પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. ક્વિઝનો ઉદ્દેશ સરળ શિક્ષણ દ્વારા યુવા અને ઉત્સાહી માનસનુ સશક્તિકરણ કરી તેમના કૌશલ્યને સતેજ કરી તેમના સામાન્ય જ્ઞાનમાં વૃધ્ધિનો હતો, જેથી તે દેશના શ્રેષ્ઠ લોકો સાથો સ્પર્ધા કરી શકે.

આ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં બે રાજ્યોમાંથી ૨.૫ લાખ જેટલા વિદ્યાર્થી નોંધાયા હતા. ડીસેમ્બર-૨૦૧૫ અને જાન્યુઆરી ૨૦૧૬માં યોજાયેલા સ્કૂલ લેવલના રાઉન્ડમાં માત્ર ગુજરાતમાંથી ૪૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તેમની સામાન્ય જ્ઞાનની કાબેલિયત કસોટી પર મુકી હતી. આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી રાજુ ગાલાએ જણાવ્યું હતુ કે ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવાની તુલનામાં જીતવું કે હારવું મહત્વનું નથી. વિદ્યાર્થીઓ આ સમારંભની ઘણી યાદો ઘરે લઈને જશે. દરેક બાળક તક મળે તો બુધ્ધિ પ્રતિભા અને ઉત્કૃષ્ઠ દેખાવની ક્ષમતા ધરાવે છે.તેમણે વન્ડર બ્રેઈન ક્વિઝ સ્પર્ધામાં સામેલ થનાર તમામ વિદ્યાર્થીઓને ઉષ્માપૂર્ણ અભિનંદન આપતાં અને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદ અંગે એ પણ જણાવ્યું કે તે અવારનવાર આ પ્રકારના સમારંભો યોજતા રહેશે. સ્પર્ધકોને કેટેગરી૧ અને ૨ માં વહેંચવામાં આવ્યા હતા. દરેક કેટેગરીમાં ૪૮ વિદ્યાર્થી સામેલ થયા હતા. પ્રથમ સેગમેન્ટમાં ધોરણ ૫ થી ૭ ના વિદ્યાર્થી હતા. બીજી કેટેગરીમાં ધોરણ ૮ અને ૯ના વિદ્યાર્થી હતા. દરેક કેટેગરીની ફાયનલ માટે ૮ વિદ્યાર્થી પસંદ કરવામાં આવ્યા હતા. ઓડિયો વિઝ્યુઅલ રાઉન્ડ, બઝર રાઉન્ડ અને ફાસ્ટેસ્ટ ફીંગર ફર્સ્ટને કારણે ક્વિઝ ખૂબજ કસોટીકારક બની હતી.

આ ક્વિઝ એ રીતે ડિઝાઈન કરવામાં આવી હતી કે જેથી તે વિદ્યાર્થીઓનું કોશલ્ય સતેજ કરવા માટેનું અનોખુ પ્લેટફોર્મ બની રહે. અને દેશના શ્રેષ્ઠ સત્વનજ સ્પર્ધા આપી શકે. વિદ્યાર્થીઓએ જાણકારી અને ઉત્કટતાના જે સ્તર સાથે ભાગ લીધો હતો તેમાં તેમનો પાવરફૂલ આઈક્યુ જણાતો હતો. પસંદગીમાં તીવર્ સ્પર્ધાની જેમ સ્પર્ધા પણ અત્યંત આકરી બની રહી હતી.

## પાલીતાણામાં ૨૧મીથી આદિનાથ મહિમા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૫

પવિત્ર નગરી પાલિતાણામાં ફાગણ સુદ તેરસના રોજ એટલેકે તા. ૨૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ શત્રુંજય ગીરીરાજ મહાતીર્થ ખાતે જૈન માન્યતા મુજબ અત્યંત પવિત્ર દિવસની ઉજવણી થઈ રહી હોવાથી જૈન સંતો અને જૈન સમુદાય મોટી સંખ્યામાં એકત્ર થઈ રહ્યો છે. વર્ષો પછી ૧૬ ગચ્છાધિપતીઓ અને અનેક શ્રમણો આ મહોત્સવમાં સામેલ થઈ રહ્યા છે.




જૈન સમુદાય દ્વારા યોજાનારા ૩ દિવસના આ ભવ્ય સમારંભમાં શત્રુંજય આદિનાથ મહિમા મહોત્સવ ઉજવાશે, જેમાં તા. ૨૧ના રોજ ગુજરાતનાં મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ, ઉપરાંત કેબિનેટ પ્રધાનો સૌરભ પટેલ, વિજયભાઈ રૂપાણી ઉપરાંત સાંસદ મનસુખ માંડવીયા, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી હાજરી આપશે. આ સમારંભ હજારો જૈન સંતો અને તેમના શિષ્યોની હાજરીમાં ઉજવાશે.

તા. ૨૦ માર્ચથી શરૂ થતા ૨૨ માર્ચ એમ ત્રણ દિવસના આ મેગા ઈવેન્ટ દરમ્યાન શત્રુંજય ગીરીરાજ પર્વત ભવ્યતા અને તેના ગૌરવની અદ્ભૂત સ્વરૂપે ઉજવણી થશે. પર્વતરાજ ઉપર પેઈન્ટીંગ્સ, શિલ્પો તથા ઓડિયો વિઝ્યુઅલ શો ઉપરાંત વિવિધ ઈન્સ્ટોલેશન્સ દ્વારા શત્રુંજય ગીરીરાજ પર્વત આત્માની શુધ્ધિ દ્વારા મોક્ષ હાંસલ કરવામાં કેવી બૂમિકા ભજવે છે તેનું દર્શન કરાવાશે. જેમનું મંદીર સુંદર અને ભવ્ય પર્વત ઉપર આવેલું છે તે પ્રથમ જૈન તિર્થંકર રૂષભદેવ (આદિનાથભગવાન)ની જીવનગાથા દર્શાવાશે. વિશ્વ પ્રસિધ્ધ સંગીતકારો અને કલાકારોના દિવ્ય મંત્રોથી આ ભૂમિ ગુંજી ઉઠશે અને આદિનાથભગવાનની ભવ્ય ગુણગાથા રજૂ કરાશે.

પ્રસિધ્ધ ગાયકો સુરેશ વાડકર, આલાપ દેસાઈ અને સચિન લિમયેની સાથે ૧૦૮ કલાકારોનું વૃંદ શત્રુંજય પર્વતનાં ગુણગાન ગાશે. પાલિતાણાના નિવાસીઓ અને યાત્રિકો ઉપરાંત સમરંભમાં એક લાખથી વધુ મુલાકાતીઓના આગમનની અપેક્ષા છે. દેશ-વિદેશના વિવિધ જૈન સમુદાયોના અગ્રણીઓ શત્રુંજય ગીરીરાજ મહાતીર્થ ખાતે આ ભવ્ય ઉજવણીમાં સામેલ થશે તેવી અપેક્ષા છે.

# છે મારી પાસે કોઈ રસ્તો ?




એક ઘટના યાદ આવે છે. હું અમદાવાદથી ભાવનગર કારમાં મુસાફરી કરીને જતો હતો. સવારે નવેક વાગ્યાનો સમય હતો. હું ધોલેરા પહોંચ્યો. ત્યાં વાહનોની મોટી કતાર લાગી હતી. રસ્તા ઉપર એક ટ્રક ઉંધો પડી ગયો હતો એટલે ટ્રાફિક જામ હતો. મારે ઝડપથી ભાવનગર પહોંચવું હતું પણ પરિસ્થિતિ સામે હું લાચાર હતો. હું કંઈ જ કામ કરી શકું એમ ન હતો. તેથી કારની બહાર ઊભો રહીને પરિસ્થિતિને નિહાળી રહ્યો હતો.

એક આધેડ વ્યક્તિ અમારી જેમ જ ટ્રાફિકમાં ફસાઈ હતી. તેની કાર અમારી કારથી થોડી પાછળ હતી. તેની સાથે તેના કુટુંબીજનો પણ હતા. ટ્રાફિક જામને કારણે તે વ્યક્તિ એકદમ અસ્વસ્થ લાગતી હતી. ટ્રાફિકમાંથી નીકળવા માટે તે વ્યક્તિ સતત આમ-તેમ દોડાદોડી કરતી હતી. તેમની ઉતાવળ, દોડાદોડી અને કોઈ સાથેની તેમની વાતચીતના આધારે જાણવા મળ્યું કે તેમને કોઈના લગ્નમાં સમયસર પહોંચવું હતું. પોતે જે સમયસર નહીં પહોંચે તો યજમાનને ખોટું લાગશે એવું એમનું કહેવું હતું. વ્યક્તિની અવસ્થાને જોઈને પત્નીએ તેમને બે-ત્રણવાર પાણી પાયું, એકાદ વખત થર્મોસમાંથી કાઢીને ચા કે કોફી પાઈ, ને ટકોર્યા પણ ખરા, 'શાંતિથી બેસોને, બીપીના દર્દી છો, હાથે કરીને શું કામ બીપી વધારો છો ? મૂવા, મોડા ભેગું મોડું. આમેય આપણે લગ્નમાં મોડા પહોંચશું તો શું લૂંટાઈ જવાનું છે ?' પણ એ વ્યક્તિ માને તો ને ? લગભગ એકાદ કલાક પછી ટ્રાફિક ક્લિયર થયો. ત્યાં સુધીમાં પેલી વ્યક્તિ માનસિક રીતે લોથ થઈ ગઈ હતી.

આ પ્રકારની ઘટનાઓ ઘણીવાર બને છે. રાત્રીના સમયે અને ખાસ કરીને ઉનાળામાં વીજળી જાય એટલે કોઈપણ વ્યક્તિ અસ્વસ્થ થઈ જાય. કાગડોળે વીજળી આવે એની રાહ જુએ. કેટલીક વ્યક્તિઓ વીજળીઓ માટે હવાતિયા નાખે. પાડોશમાં પૂછે, 'તમારે પણ ગઈ ?' સ્ટ્રીટલાઈટ જુએ, ખાતરી કરે કે તે પણ બંધ છે. બાજુના ઍપાર્ટમેન્ટ કે સોસાયટીમાં નજર કરે કે ત્યાં પણ ગઈ છે કે ? મોબાઈલમાંથી બે-એક ફોન કરીને પણ ખાતરી કરે કે આખા શહેરમાં ગઈ છે. ઈલેક્ટ્રીસિટી કંપનીને પણ ફોન લગાડી, બૂમ-બરાડા પાડીને પૂછી લે કે 'સાચો ટાઈમ કહોને ભાઈ કે વીજળી ક્યારે આવશે ?' કમનસીબે જો વીજળી આવતાં વધુ સમય લાગે તો વીજળી આવે ત્યાં સુધીમાં એ વ્યક્તિની માનસિક હાલત



ખરાબ થઈ ગઈ હોય છે.

આવી કે આ પ્રકારની ઘટનાઓ બનતી રહે છે અને મુશ્કેલ પરિસ્થિતિમાં આપણે સૌ મૂકાતાં રહીએ છીએ. વીજળી જાય, ફાટક બંધ હોય, ટ્રાફિક જામ થઈ ગયો હોય, જે બસમાં મુસાફરી કરતાં હોઈએ એ બસ બ્રેકડાઉન થાય, ટ્રેન કે બસ મોડી આવે, દૂધવાળો કે છાપાવાળો સમયસર ના આવે, ઈન્ટરનેટ કનેક્ટિવિટી બંધ થઈ જાય, જે ડૉક્ટરને બતાવવા ગયા હોઈએ એ સમયસર ના આવે, મોટી કતાર હોય, આ પ્રકારની ઘટનાઓ કે દુર્ઘટનાઓ બનતી રહે છે અને તેનો ભોગ આપણે બનીએ છીએ અને મુશ્કેલીઓમાં મૂકાતાં રહીએ છીએ.

કોઈપણ વ્યક્તિ આ પ્રકારની ઘટનાનો ભોગ બનીને મુશ્કેલીમાં મૂકાય છે ત્યારે મોટેભાગે તે અસ્વસ્થ થઈ જાય છે. પોતે તો અસ્વસ્થ થાય છે પણ પોતાની સાથેના કુટુંબીજનોને, મિત્રો ને સ્નેહીઓને પણ અસ્વસ્થ કરી મૂકે છે. વ્યક્તિએ અસ્વસ્થ થવાને બદલે માત્ર એટલું વિચારવું જોઈએ કે આ સર્જાયેલી પરિસ્થિતિને અટકાવવા અથવા તો તે પરિસ્થિતિને સાધારણ કરવા માટે પોતે શું કરી શકે એમ છે ? બીજી રીતે કહીએ તો જે પરિસ્થિતિ સર્જાઈ છે એ પરિસ્થિતિને સાધારણ બનાવવા માટે તે પરિસ્થિતિ ઉપર વ્યક્તિનો પોતાનો અંકુશ કેટલો ?

અગાઉ ચર્ચા કરી તે પ્રકારની પરિસ્થિતિ ઉપર મોટેભાગે આપણો અંકુશ હોતો નથી. સર્જાયેલી પરિસ્થિતિને કારણે આપણી મુશ્કેલીઓ વધે પણ જો એ પરિસ્થિતિ ઉપર આપણો અંકુશ જ ના હોય તો આપણે શા માટે અસ્વસ્થ થઈએ છીએ ? આપણે પરિસ્થિતને સુધારવા માટે કંઈ પણ કરી શકીએ એમ ન હોવા છતાં શા માટે હવાતિયાં નાખીએ છીએ ? પરિણામે આપણે માનસિક તામ અનુભવીએ છીએ અને સ્વસ્થતા ગુમાવી દઈએ છીએ. લાંબો સમય જો આ પ્રકારની માનસિકતા રહે તો આપણા વર્તન અને આપણી તંદુરસ્તીમાં અવળી અસરો થાય છે. આ પ્રકારની મુશ્કેલ પરિસ્થિતિમાં જો વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ રહી શકે તો વધુ ફાયદાકારક હોય છે. જે પરિસ્થિતિ ઉપર આપણો અંકુશ જ ના હોય, જે પરિસ્થિતિ સામે આપણે સંપૂર્ણપણે લાચાર હોઈએ, સર્જાયેલી પરિસ્થિતિને બદલી શકવા માટે આપણે અશક્તિમાન હોઈએ ત્યારે તે પરિસ્થિતિનો વિચાર સુધ્ધાં છોડી દેવો જોઈએ અને શાંત ચિત્તે બેસી રહેવું જોઈએ. 'પડશે એવા દેવાશે' એવું માનીને પરિસ્થિતિ સુધારવા માટે આપણે જો ખરેખર મદદરૂપ થઈ શકતા હોઈએ તો અવશ્ય મદદરૂપ થવું જોઈએ.

આપણી પાસે કોઈ જ ઉપાય ન હોય ત્યારે પરિસ્થિતિ સાધારણ બનાવવા માટે ઈષ્ટદેવને પ્રાર્થના અને સમય ઉપર શ્રદ્ધા સિવાય આપણી પાસે બીજો કોઈ રસ્તો નથી. શ્રેષ્ઠ રસ્તો એ જ હોય છે.

vamlani2000@yahoo.co.uk



સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ઘર, પરિવાર અને બાળકોને સંભાળવા ઉપરાંત આર્થિક રીતે પણ પરિવારને મદદરૂપ થનારાં મહિલાઓનું સન્માન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ૬૦ જેટલાં બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મૅક્સના મૅનેજર શોભનાબેન આ પ્રસંગે સમારોહ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, જજ રેખાબેન પટેલ તથા વિવિધ સંસ્થાઓનાં અગ્રણી મહિલાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાનાં બહેનોએ જહેમત ઊઠાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)



તપોવન વાત્સલ્ય ધામ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ સોમવારે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલીની મુલાકાત લીધી હતી. રાજ્યપાલે પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. શાળાના આચાર્યએ શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખ્યાલ રાજ્યપાલને આપ્યો હતો.